તારીખ : ૦૫-૦૮-૨૦૨૨

## પ્રેસ રીલીઝ

## આહના (AHNA) ની હોસ્પિટલો કેશલેસ સુવિધા સ્થગિત કરશે

એક અખબારી યાદીમાં અમદાવાદ હોસ્પિટલ્સ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશનના પ્રતિનીધીઓએ જણાવ્યું છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી અસંખ્યવાર જાહેર ક્ષેત્રની વિમા કંપનીઓને રજુઆત કરવા છતાં પ્રશ્નનો નિવેડો નહીં આવતા, આ કંપનીઓના આરોગ્ય વિમા ધારકોની કેશલેસ સુવિધા તા. ૦૮-૦૮-૨૦૨૨ થી ૧૫-૦૮-૨૦૨૨ સુધી સ્થગિત કરવામાં આવશે.

આ જાહેરક્ષેત્રની વિમા કંપનીઓ જેમના આરોગ્ય વિમા ધારકોને કેશલેસ સુવિધા સ્થગિત કરવામાં આવશે તેમાં (૧) ધી ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લી. (૨) નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી. (૩) યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. તેમજ (૪) ધી ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લી.નો સમાવેશ થાય છે.

આહના દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઉત્તરોત્તર સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. ઉપરોક્ત ઈન્સ્યોરન્સ કંપનીઓના પ્રતિભાવથી એવું જણાઈ રહ્યું છે કે તેમને હોસ્પિટલો કે તેમના વિમા ધારકો માટે કંઈ પડી નથી.

આહના દ્વારા દર્દીઓ જે જાહેરક્ષેત્રની કંપનીના વિમા ધારકો છે તેમને સારી સુવિધાઓ મળે તે બાબતે વારંવાર રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા હોસ્પિટલો સાથે કરેલ એમઓયુમાં છેલ્લાં ઘણા વર્ષોથી ચાર્જમાં કોઈ રીવીઝન કરવામાં આવ્યું નથી.

આ ઉપરાંત નીચેના પ્રશ્નોની રજુઆત વારંવાર કરવામાં આવેલ છે.

(૧) કેટલાંક સર્જરી તેમજ પ્રોસીજર માટે ઈન્સ્યોરન્સ કંપની દ્વારા ફીક્સ ચાર્જીસ (PPN) નક્કી કરવામાં આવેલ છે આમાં ડાયાબીટીસ, હૃદયરોગ જેવી કો-મોર્વિડીટીને ધ્યાનમાં લેવામાં આવેલ નથી. આ ઉપરાંત ચાર્જીસ ખુબ ઓછા લેવાથી ક્વોલીટી સારવાર આપી શકાય તેમ નથી.

(૨) જે હોસ્પિટલોના ચાર્જ છેલ્લા કેટલાક વર્ષોથી રીવાઈઝ કરવામાં આવ્યા નથી તે ચાર્જીસ હેલ્થ ઈન્ફેકશન ઈન્ડેક્ષ પ્રમાણે ૬% દર વર્ષે પ્રમાણે વધારી આપવામાં આવે.

(૩) દર્દીઓને રીઈમ્બર્સમેન્ટમાં પડતી તકલીફોનું નિવારણ કરવામાં આવે.

- કોમ્પલેક્ષ સર્જરીમાં ઈક્વિપમેન્ટના ચાર્જીસ કાપી લેવા.
- એડવાન્સ નિદાન માટેના ચાર્જીસ કાપી લેવા.
- કેન્સર જેવા રોગોની લેટેસ્ટ સારવારના પૈસા કાપી લેવા.
- ક્લેઈમ માટે બિનઆવડત ધરાવતા સ્ટાફ દ્વારા બિનજરૂરી સવાલ ઉભા કરી વિમાના પૈસા ચુકવણીમાં વિલંબ કરવો.

(૪) આ ઉપરાંત હોસ્પિટલોના ક્લેઈમ્સમાં પણ ખોટા પૈસા કાપી નાખવામાં આવે છે.

- હોસ્પિટલ એમ્પેન્લમેન્ટમાં પારદર્શકતાનો આભાવ

(૫) ફરિયાદ નિવારણ માટે **SPOC** વિન્ડો:પ્રદાતાઓ માટે ફરિયાદ નિવારણ માટે સિંગલ પોઈન્ટ સંપર્ક જરૂરી છે. દરેક **PSU** વીમા કંપનીમાં સમર્પિત ફોન નંબર, વ્યક્તિગત ઈ-મેઈલ આઈડી આપવો.

(૬) તમામ હોસ્પિટલોને નેટવર્કમાં સામેલ કરવાની માંગણી આહના દ્વારા કરવામાં આવેલ છે.

જો ઉપરોક્ત સ્થગિત બાદ પણ કોઈ ઉપાય નહીં આવે તો હજુ લાંબા સમય સુધી કેશલેસ સ્થગિત કરવાની આહનાએ ચિમકી ઉચ્ચારી છે.

| | | |
|---|---|---|
| ડો. અનિશ ચંદારાણા | ડો. વિરેન શાહ | ડો. ભરત ગઢવી |
| (વાઈસ પ્રમુખ) | (સેક્રેટરી) | (પ્રમુખ) |